
# ગૌ-સંરક્ષણ અને સંવર્ધન સાથે ગાય આધારિત ખેતી ક્ષેત્રે સ્વામિનારાયણ સંપ્રદાયનું અનેરૂં યોગદાન છે : રાજ્યપાલશ્રી






ગાંધીનગર, તા.૧૮

લોકોના જીવનમાં સકારાત્મક પરિવર્તન આવે તે દિશામાં સ્વામિનારાયણ સંપ્રદાય હંમેશા કાર્યરત છે. જળ સંરક્ષણ, વૃક્ષારોપણ, આપત્તિ સમયે બચાવ કામગીરી, લોક સ્વાસ્થ્ય જેવા માનવતાના કાર્યોમાં સ્વામિનારાયણ સંપ્રદાય પ્રથમ હરોળમાં હોય છે એમ રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ કચ્છ જિલ્લાના ભુજ ખાતે સ્વામિનારાયણ મંદિર આયોજિત નરનારાયણ દ્વિ-શતાબ્દી મહોત્સવ પ્રસંગે ગૌ-મહિમા કૃષિ સંમેલનમાં કહ્યું હતું. બદ્રિકાશ્રમ ખાતે રાજ્યપાલશ્રીએ સુંદર કાર્યક્રમના આયોજન બદલ અભિનંદન આપ્યા હતા.

૨૦૦ વર્ષ પહેલાં માનવતાની સેવા કાજે સ્વામિનારાયણ મંદિરની સ્થાપના કરવામાં આવી હતી. ગૌ-માતા સંરક્ષણ અને સંવર્ધન સાથે ગાય આધારિત ખેતીનો વ્યાપ વધારવા સ્વામિનારાયણ સંપ્રદાય સતત માર્ગદર્શન અને સહયોગ આપે છે. લોકોની સેવા જ ઈશ્વરની પૂજા છે, એમ જણાવીને રાજ્યપાલશ્રીએ સંપ્રદાયની કામગીરી બિરદાવી હતી. ગૌ - મહિમા પ્રદર્શનને અદભુત ગણાવીને તેમણે જણાવ્યું હતું કે, આ પ્રદર્શન ગાય પ્રત્યે શ્રદ્ધા પેદા કરનારું છે.

રાજ્યપાલશ્રીએ ધનનો ઉપયોગ પરોપકારમાં કરવો જોઈએ એવો અનુરોધ કરીને સ્વામિનારાયણ સંપ્રદાયના ભુજના માનવ કલ્યાણના સેવાના કાર્યોની પ્રસંશા કરી હતી. તેઓએ ઉમેર્યું કે, સ્વામિનારાયણ સંપ્રદાયની પ્રેરણાથી લાખો ખેડૂતો મારફતે ગાય આધારિત પ્રાકૃતિક ખેતીનું અભિયાન ઝડપથી આગળ વધી રહ્યું છે. તેમણે ગાય આધારિત ખેતી કેવી રીતે કરી શકાય તેના વિશે વિસ્તૃત રીતે માર્ગદર્શન પુરુ પાડ્યું હતું. રાસાયણિક ખેતીથી જમીન બિન ઉપજાઉ બની રહી છે આથી ગાય આધારિત ખાતર કે છાણનો ઉપયોગ કરવા માટે તેઓએ અનુરોધ કર્યો હતો. રાસાયણિક ખાતરનો ઉપયોગ ટાળીએ તો પાક ઉત્પાદનમાં ઘટાડો આવે છે તે વાતને મિથ્યા ગણાવીને લાંબા ગાળે પ્રાકૃતિક ખેતીના ફાયદાઓ વિશે રાજ્યપાલશ્રીએ છણાવટ કરી હતી. સમગ્ર રાજ્યમાં ૧૦-૧૦ ગામના ક્લસ્ટર બનાવીને ગાય આધારિત ખેતીનો વ્યાપ વધારવા સંકલન કરીને કામગીરી કરવામાં આવી રહી છે, તેના વિશે તેઓએ માહિતી આપી હતી.

સ્વામિનારાયણ મંદિર, ભુજ દ્વારા આયોજિત શ્રી નરનારાયણ દ્વિ-શતાબ્દી મહોત્સવ નિમિત્તે અભિનંદન આપતાં રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે, આ સુંદર આયોજનમાં અનુશાસન અને સંતોની હાજરીથી પ્રાચીન ભારતનું સ્વરૂપ ઊભું થયું છે.

# રાજકોટ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના ૧૫ સભ્યોનાં રાજીનામા

**આ રાજીનામાં પ્રદેશ પ્રમુખની સુચનાથી આપવામાં આવ્યા, ટુંક સમયમાં જ નવી સમિતિ બનશે, શહેર પ્રમુખે આંતરિક વિવાદનો ઈનકાર કર્યો**

રાજકોટ, તા.૧૮

રાજકોટ શહેર રાજકારણમાંથી મોટા સમાચાર આવી રહ્યા છે. શહેરની નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના ૧૫ જેટલા સભ્યોએ રાજીનામાં આપી દીધી છે. સુત્રોમાંથી મળતી માહિતી મુજબ આ રાજીનામાં પ્રદેશ પ્રમુખની સુચનાથી આપવામાં આવ્યા છે. ટુંક સમયમાં જ નવી સમિતિ બનશે. શહેર પ્રમુખે આંતરિક વિવાદનો ઈનકાર કર્યો હતો. ગઈકાલે ગાંધીનગર ખાતે પ્રદેશ પ્રમુખ સી.આર પાટીલે ચેરમેન, વાઈસ ચેરમેન સહિત ૧૫ સભ્યોની એક બેઠક બોલાવી હતી. આ બેઠક બાદ તમામના રાજીનામાં લેવામાં આવ્યા હતા. રાજકોટની નગર પ્રાથમિક શિક્ષણ સમિતિમાં ચેરમેન અતુલ પંડિત, વાઈસ ચેરમેન સંગીતા બેન છાયા સહિત કિશોર પરમાર, વિજય ટોળીયા, રવિ ગોહેલ, કિરીટ ગોહેલ, તેજસ ત્રિવેદી, જે ડી ભાખડ, શરદ તલસાણીયા, અશ્વિન દુધરેજીયા, ધૈર્ય પારેખ, ફારૂખ બાવાણી, પીનાબેન કોટક, જાગૃતિબેન ભાણવડિયા, મેઘાવી સિંધવ સભ્યોએ રાજીનામાં આપ્યા છે. આ તમામ સભ્યોના રાજીના લઈ લેવાયા છે.

# બિલ્ડર પાસેથી ૩૦ લાખની લાંચના કેસમાં અમદાવાદથી આઈટી અધિકારીની ધરપકડ

**ઓક્ટોબર ૨૦૨૨માં નોંધાયેલા કેસમાં સીબીઆઈની કાર્યવાહી : બિલ્ડર પાસેથી લાંચની માગણી કરનારો સિનિયર આઈટી અધિકારી એન્ટિ કરપ્શન બ્યૂરોના છટકા છતાં નાસી છૂટ્યો હતો**

અમદાવાદ, તા.૧૮

સેન્ટ્રલ બ્યૂરો ઓફ ઈન્વેસ્ટિગેશન (સીબીઆઈ)એ ઓક્ટોબર ૨૦૨૨માં નોંધાયેલા રુપિયા ૩૦ લાખની લાંચના કેસમાં શનિવારે અમદાવાદમાંથી એક આઈટી અધિકારીની ધરપકડ કરી છે. સીબીઆઈના જણાવ્યા મુજબ, અમદાવાદ શહેરના એન્ટિ કરપ્શન બ્યૂરોએ ગઈ ૪ ઓક્ટોબરના રોજ એક સિનિયર આઈટી અધિકારી સામે છટકું ગોઠવ્યું હતું. જેણે બિલ્ડર પાસેથી લાંચની માંગણી કરી હતી, પરંતુ નાસી છૂટવામાં સફળ રહ્યો હતો. એ પછી અધિકારીએ સુપ્રીમ કોર્ટમાં આગોતરા જામીન મેળવ્યા હતા. આ જામીનને સીબીઆઈએ કોર્ટમાં પડકારી હતી. બાદમાં કોર્ટે સોમવારે તેના આગોતરા જામીન રદ્દ કર્યા હતા અને તેને શુક્રવાર સુધીમાં એજન્સી સમક્ષ આત્મસમર્પણ કરવા માટે આદેશ આપ્યો હતો.

તપાસ દરમિયાન સીબીઆઈના અધિકારીઓને જાણવા મળ્યું કે, અધિકારીની ગૌણ આઈટી અધિકારી સાથે સાંઠગાંઠ હતી અને તેણે નાણાકીય વ્યવહારો પણ કર્યા હતા. સૂત્રોના જણાવ્યા મુજબ, ગયા વર્ષે ઓક્ટોબરમાં જ્યારે એસીબીની ટીમ વરિષ્ઠ આઈટી અધિકારીની ઓફિસમાં છટકું ગોઠવી રહી હતી ત્યારે તેમણે સીસીટીવીની તપાસ કરી તો તેના ગૌણ અધિકારીએને તેમને રોકવાનો આદેશ આપ્યો હતો.

ગયા વર્ષે ઑક્ટોબરમાં, જ્યારે એસીબીની ટીમ વરિષ્ઠ આઈટીઅધિકારીની ઑફિસમાં છટકું ગોઠવી રહી હતી, ત્યારે તેણે સીસીટીવીપર તપાસ કરી હતી અને તેના ગૌણ અધિકારીઓને તેમને રોકવાનો આદેશ આપ્યો હતો, એમ સૂત્રોએ જણાવ્યું હતું. આઈટી અધિકારીના તાબના અધિકારીઓએ એસીબીના અધિકારીઓને રોક્યા હતા અને તે ભાગવામાં સફળ રહ્યો હતો. પરંતુ તે ભાગી જાય તે પહેલાં જ તેમે તેના બે સેલફોન એક જુનિયર આઈટી ઓફિસરને આપી દીધા હતા. સીબીઆઈએ ગઈ ૧૨ ઓક્ટોબરના રોજ આઈટી અધિકારી વિરુદ્ધ ફરિયાદ નોંધી અને તપાસ હાથ ધરી હતી. આ તપાસ દરમિયાન એજન્સીને જાણવા મળ્યું કે, તાબાના અધિકારીએ વરિષ્ઠ આઈટી અધિકારીના બે સેલફોનને સાબરમતી નદીમાં ફેંકીને નિકાલ કર્યો હતો.

શનિવારની બપોરે સીબીઆઈએ જુનિયર ઓફિસરને તેના ઘરેથી ઝડપી પાડ્યો હતો અને તેને વલ્લભ સદન પાસે સાબરમતી રિવરફ્રન્ટ પરના વોક વે પર લઈ જવામાં આવ્યો હતો. બાદમાં દિલ્હીની સીબીઆઈની ટીમે અમદાવાદ ફાયર વિભાગ અને તરવૈયાઓ તથા ડાઈનર્સની મદદ લઈ બંને મોબાઈલ ફોન શોધવાનું શરુ કર્યુ હતુ. સીબીઆઈ ઓફિસરના જણાવ્યા મુજબ, સીબીઆઈએ ગોતાખોરો અને અન્ય એજન્સીઓની મદદથી સાબરમતીમાંથી ડાઈવિંગ ઈક્વિપમેન્ટ અને સોનાર ટેકનોલોજીથી સજ્જ દૂરથી સંચાલિત વાહનોની મદદથી બંને મોબાઈલ કબજે કર્યા હતા.

# બે બાઈક સવારને ડમ્પરે ૧૦૦ ફૂટ ઘસેડતાં મોત

**અકસ્માત સર્જી ડમ્પરચાલક ડમ્પર લઈને ફરાર થઇ ગયો હતો, બંને બાઈક ચાલક મોડાસાના ચણવાડા ગામના રહેવાસી હતા**

અરવલ્લી, તા.૧૮

ફરી એક વખત ડમ્પરચાલકે અકસ્માત સર્જ્યો છે. મોડાસા જિલ્લા સંઘ સામે ડમ્પર અને બાઈકનો ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. ડમ્પરચાલકે બે બાઈક સવારને અડફેટે લીધા હતા. પુરપાટ ઝડપે આવતા ડમ્પરચાલકે બાઈક સવારને ૧૦૦ ફૂટ જેટલાં ઘસેડ્યા હતા. બાઈક પર સવાર બન્ને યુવકને ગંભીર ઈજાઓ પહોંચતા તેમના ઘટના સ્થળે જ મોત નિપજ્યા હતા. અકસ્માત સર્જી ડમ્પરચાલક ડમ્પર લઈને ફરાર થઈ ગયો હતો. બંને બાઈક ચાલક મોડાસાના ચણવાડા ગામના રહેવાસી હતા. અકસ્માતની જાણ થતા મોડાસા પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી. આ દુર્ઘટનાને પગલે સમગ્ર પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ છે, તેમજ પરિજનોમાં શોકનું મોજું ફરી વળ્યું છે. મોડાસા જિલ્લા સંઘ સામે ડમ્પર અને બાઈકનો ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો.

ડમ્પરચાલકે બે બાઈક સવારને અડફેટે લીધા હતા. પુરપાટ ઝડપે આવતા ડમ્પરચાલકે બાઈક સવારને ૧૦૦ ફૂટ જેટલાં ઘસેડ્યા હતા. અકસ્માત સર્જી ડમ્પરચાલક ડમ્પર લઈને ફરાર થઈ ગયો હતો. બંને બાઈક ચાલક મોડાસાના ચણવાડા ગામના રહેવાસી હતા. અકસ્માતની જાણ થતા મોડાસા પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી.

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી અધ્યાપકગણની હેરીટેજ વોક યોજાઈ




ગાંધીનગર, તા. ૧૮

વિશ્વ વારસા દિવસ અને જી-૨૦ અંતર્ગત ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના અધ્યાપકોની હેરીટેજ વોક અમદાવાદ મહાનગરપાલિકાના સહયોગથી કાલુપુર સ્વામીનારાયણ મંદિરથી જામા મસ્જીદ સુધી યોજાઈ હતી. આ પ્રસંગે યુનિવર્સિટીના કુલપતિ પ્રો. (ડો) અમી ઉપાધ્યાય ઉપસ્થિત રહ્યા હતા. જેઓએ યાત્રાનું નેતૃત્વ કર્યુ હતુ.

આ કાર્યક્રમનું આયોજન યુનિવર્સિટીના એક્ષટેન્શન સેલ અને ઈતિહાસ વિભાગ દ્વારા કરવામાં આવ્યું હતું. આ યાત્રા વૈશ્વિક ધરોહરનો દરજ્જો ધરાવતા અમદાવાદ શહેરની પોળોમાંથી ગુજરી હતી. યાત્રા દરમ્યાન માર્ગદર્શક દ્વારા રોચક શૈલીમાં માર્ગદર્શન પુરૂ પાડવામાં આવ્યું હતું. આ પ્રસંગે કુલપતિએ વૈશ્વિક વારસાનું મહત્વ અને તેની જાળવણીમાં આપણી ભૂમિકા શું હોઈ શકે તે બાબતે વાત કરી હતી. આ સાથે યાત્રામાં જોડાયેલા સૌ અધ્યાપકોએ આપણી ઐતિહાસિક ધરોહરો અને સાંસ્કૃતિક વારસાનું જતન કરવા પ્રતિબદ્ધતા દર્શાવી હતી. યાત્રામાં જોડાનાર અમદાવાદ શહેરની ઐતિહાસિક ઈમારતો, પાણીના સંગ્રહની વ્યવસ્થા, શિલ્પ, મંદિર-મસ્જિદના બાંધકામ અને સ્થાપત્યની ભવ્યતાના દર્શન કરીને સૌ અભિભૂત થયા હતા.

# ટૂંક સમયમાં રાજ્યમાં આઈપીએસ અધિકારીઓની બદલીની સંભાવના

**અમદાવાદના પોલીસ કમિશ્નર તરીકે અનુપમસિંહ અને ડો. શમશેરસિંહનું નામ મોખરે : અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર સંજય શ્રીવાસ્તવ આગામી ૩૦ એપ્રિલના રોજ નિવૃત્ત થતાં હોઈ તેમના સ્થાને નવા કમિશ્નર નિમાશે**

અમદાવાદ, તા.૧૮

ગુજરાતમાં નજીકના દિવસોમાં આઈપીએસ અધિકારીઓની બદલીઓનો ગંજીફો ચીપાશે. જેમાં અમદાવાદ, સુરત, રાજકોટ અને વડોદરાના પોલીસ કમિશ્નરોની બદલીઓ પણ કરવામાં આવી શકે છે. અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર સંજય શ્રીવાસ્તવ આગામી ૩૦ એપ્રિલના રોજ નિવૃત્ત થતાં હોવાથી તેમના સ્થાને આઈબીના વડા અને એસીબીના ડાયરેક્ટર અનુપમસિંહ ગેહલોત તેમજ વડોદરાના પોલીસ કમિશ્નર ડો.શમશેરસિંહનું નામ મોખરે ચાલતું હોવાનું પોલીસબેડામાં ચર્ચાઈ રહ્યું છે.

આ ઉપરાંત સુરત પોલીસ કમિશ્નર અજય તોમર અને જેલોના વડા ડો. કે.એલ.એન રાવના નામોની ચર્ચાઓ ચાલી રહી છે.

આ ઉપરાંત અમદાવાદ ક્રાઈમ બ્રાંચના જેસીપી અને અમદાવાદ રેન્જ આઈજીપી વી.ચંદ્રશેખર સહિતના અનેક અધિકારીઓની બદલીઓ કરવામાં આવે તેવી શક્યતાઓ સેવાઈ રહી છે.અમદાવાદ શહેર પોલીસ કમિશનર સંજય શ્રીવાસ્તવ ૩૦મી એપ્રિલના રોજ નિવૃત થતા હોવાથી તેમના સ્થાને કોને બેસાડવા તે બાબતે અનેક તર્ક વિતર્ક ચાલી રહ્યા છે. આ ઉપરાંત શહેરમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતી કથળી ગઈ હોવાથી લોકોમાં પોલીસની છબી સુધારવા માટે ડેમેજ કંટ્રોલ તરીકે અને કડક અધિકારી તરીકેની છાપ ધરાવતા ડો.શમશેરસીંગ પર સરકારની નજર છે. તેમને અમદાવાદ શહેર પોલીસ કમિશનર તરીકે મુકાય તેવી પ્રબળ શકયતા સેવાઈ રહી છે.

આઈ.બીના વડા અનુપમસિંહ ગેહલોત સરકારની ગુડબુકમાં હોવાથી તેમને અમદાવાદ પોલીસ કમિશનર તરીકે મુકવામાં આવે તેવી પણ ઉચ્ચ પોલીસ અધિકારીઓમાં ચર્ચાઓ ચાલી રહી છે. તેઓ ઈન્ટેલીજન્ટ બ્યુરોમાં હોવાથી સરકારની ખુબ જ નજીકના અધિકારી માનવામાં આવે છે.વિધાનસભાની ચૂંટણીમાં અનુપમસિંહ ગેહલોતે સરકારની ખુબ જ મદદ કરી હતી. જેના કારણે સરકારને ગુજરાતમાં ખુબ જ સારા પરિણામો મળ્યા છે.

# કંપનીએ હાઈકોર્ટમાં વચગાળાના વળતરના ૧૪.૬૨ કરોડ જમા કર્યા

**મોરબી કેબલ બ્રિજની નિર્માતા કંપનીએ અગાઉ વળતરની રકમ જમા કરાવી હતી અને બાકીની બેલેન્સ અમાઉન્ટ ૧૪.૬૨ કરોડ રૂપિયા આજે જમા કરાવી**

મોરબી, તા.૧૮

મોરબી બ્રિજ દુર્ઘટના કેસ મુદ્દે હાઈકોર્ટમાં આજે રાજ્ય સરકાર વતી એડવોકેટ જનરલે જણાવ્યુ હતુ કે આ કેસને હાલ પુરતુ પૂર્ણ વિરામ આપવુ જોઈએ. મોરબી નગરપાલિકા અસક્ષમ હોવાથી સુપરસીડ કરાઈ હોવાનું તેમણે જણાવ્યુ હતુ. મોરબી કેબલ બ્રિજની નિર્માતા કંપનીએ અગાઉ વળતરની રકમ જમા કરાવી હતી અને બાકીની બેલેન્સ અમાઉન્ટ ૧૪.૬૨ કરોડ રૂપિયા આજે જમા કરાવી છે. બ્રિજ બનાવનાર કંપની ઓરેવા ગૃપે વચગાળાના વળતર માટે ૧૪.૬૨ કરોડ રૂપિયા જમા કર્યા છે.

ઓરેવા ગૃપે આજે ગુજરાત હાઈકોર્ટમાં જણાવ્યુ હતુ કે ફેબ્રુઆરીમાં હાઈકોર્ટે કરેલા આદેશ મુજબ બ્રિજ દુર્ઘટનાના પીડિતોને વચગાળાના વળતર તરીકે ૧૪.૬૨ કરોડ રૂપિયા જમા કરાવ્યા છે.

# સ્પેનિશ મહિલાએ અનાથાશ્રમમાંથી દોઢ વર્ષના બાળકને લીધું દત્તક

**મારિયા વ્યવસાયે દાંતની ડોક્ટર છે અને ૨૦૨૦માં તેણે દત્તક લેવા માટે ઓનલાઈન અરજી કરી હતી**

રાજકોટ, તા.૧૮

માએ દુનિયાનો સૌથી શ્રેષ્ઠ શબ્દ છે. દરેક સ્ત્રી માટે મા બનવું તે ઈશ્વરની સૌથી મોટી ભેટ માનવામાં આવે છે. પરંતુ કેટલીક સ્ત્રીના નસીબમાં સંતાનનું સુખ હોતું નથી અને આ સ્થિતિમાં તે અનાથાશ્રમમાંથી બાળકને દત્તક લેવાનું પસંદ કરે છે. નિઃસંતાન દંપતીમાં હમણાથી બાળકોને દત્તક લેવાનો ટ્રેન્ડ વધી રહ્યો છે. વિદેશથી પણ લોકો બાળકને માટે ભારત આવી રહ્યા છે. સોમવારે જ એક સ્પેનિશ મહિલાએ જામનગરથી દોઢ વર્ષના સ્પેશિયલ ચાઈલ્ડને દત્તક લીધું હતું. જામનગરના કલેક્ટરની ઓફિસમાં યોજાયેલી સેરેમનીમાં મહિલાને બાળકની કસ્ટડી સોંપવામાં આવી હતી. બાળક છેલ્લા દોઢ વર્ષથી શ્રી કસ્તુરબા સ્ત્રી વિકાસ ગૃહમાં ઉછરી રહ્યું હતું.

બાળકને ખાસ સંભાળની જરૂર હોવાથી તેની માતાને દરેક જરૂરિયાતો પૂરી કરવા માટે જામનગરના કલેક્ટર બી એ શાહે ભાર મૂક્યો હતો. જામનગર જિલ્લા વહીવટીતંત્રના જણાવ્યા પ્રમાણે, સ્પેનની મહિલા મારિયા ક્રિસ્ટીના વ્યવસાયે ડેન્ટિસ્ટ છે અને સિંગલ પેરેન્ટ છે. તે ભારતમાંથી બાળકને દત્તક લેવા માગતી હતી અને તમામ કાયદાકીય ફોર્માલિટી પૂરી કર્યા બાદ જામનગરમાંથી સ્પેશિયલ ચાઈલ્ડને દત્તક લેવાનું નક્કી કર્યું હતું. દોઢ વર્ષનું આ બાળક વિકાસમાં વિલંબથી પીડાય છે. તેનો શારીરિક વિકાસ તેની ઉંમરના બાળકોની સાથે મેળ ખાતો નથી. તેમ નગરપાલિકાના અધિકારીઓએ જણાવ્યું હતું.

## ભાવનગર પોલીસે આજે બપોરે ૧૨ વાગ્યા સુધીમાં યુવરાજસિંહ જાડેજા હાજર થવા જણાવ્યુ

ભાવનગર, તા.૧૮

ડમીકાંડ મામલે વિદ્યાર્થી નેતા યુવરાજસિંહ જાડેજાને ભાવનગર પોલીસનું તેડું આવ્યું છે. ભાવનગર પોલીસે યુવરાજસિંહને પૂછપરછ માટે હાજર થવા જણાવ્યું છે. યુવરાજસિંહને ભાવનગર પોલીસ સમક્ષ નિવેદન નોંધાવવું પડશે તેમજ આવતીકાલે બપોરે ૧૨ વાગ્યા સુધીમાં ભાવનગર પોલીસ સમક્ષ હાજર થવું પડશે.

મહત્વનું છે કે બિપિન ત્રિવેદીનો એક વીડિયો વાયરલ થયો હતો. જેમાં તેણે વિદ્યાર્થી નેતા યુવરાજસિંહ જાડેજા સામે સણસણતા આરોપો લગાવ્યા હતા. બિપિન ત્રિવેદીએ જણાવ્યું હતું કે, ડમી કાંડમાં નામ છુપાવવા માટે યુવરાજસિંહે કરોડો રૂપિયા લીધા છે. એક ડીલ અંગે બિપિન ત્રિવેદીએ જણાવ્યું હતું કે, 'પ્રદીપ નામના વ્યક્તિએ મને જણાવ્યું હતું કે યુવરાજસિંહ વારંવાર મારું નામ લે છે, જેના કારણે પોલીસ મારા ઘરે આવે છે. જેથી તમે વાત કરો. આ અંગે મેં યુવરાજસિંહને વાત કરી હતી. જે બાદ મેં પ્રદીપ અને ઘનશ્યામ ભાઈ, શિવુભા અને યુવરાજ સિંહે એક મીટિંગ કરી હતી. જે બાદ મારે ૨ વાગ્યે લેક્ચર હોવાથી હું ત્યાંથી નીકળી ગયો હતો. લેક્ચર પૂરો થયા પછી મને જાણવા મળ્યું કે આ ડીલ ૫૫ લાખમાં થઈ હતી. આ પેમેન્ટ આપવા માટે ઘનશ્યામભાઈ જુદા-જુદા ત્રણ તબક્કામાં ગયા. આ વખતે હું સાથે નહોતો.



ગરમીનો પ્રકોપ - અમદાવાદમાં વધી રહેલ ગરમીના કારણે જુના અમદાવાદમાં વેપારી રાહદારીઓને ઠંડક મળે માટે રોડ વચ્ચે ગ્રીન નેટ બાંધે છે

## હાજર રહ્યા

● અનુસંધાન પહેલાનું ચાલુ

અત્યાર સુધીમાં ૨૮ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના ૪૧ શહેરોમાં જી૨૦ની ૧૦૦ બેઠકોનું આયોજન કરવામાં આવ્યું છે.ભારતની અધ્યક્ષતામાં એક વર્ષ દરમિયાન કુલ ૨૦૦થી વધુ બેઠકો યોજાવાની છે. આ બેઠકો લગભગ ૬૦ શહેરોમાં નિર્ધારિત છે. ભારત પ્રથમ વખત આટલા મોટા પાયા પર ૨૦૦થી વધુ બેઠકો માટે વિદેશી પ્રતિનિધિઓની યજમાની કરી રહ્યું છે. વિદેશ મંત્રાલયના જણાવ્યા અનુસાર કોઈપણ જી૨૦ અધ્યક્ષતામાં આ સૌથી વધુ વ્યાપક ભૌગોલિક વિસ્તાર છે. અત્યાર સુધીમાં ૧૧૧ દેશોના ૧૨ હજારથી વધુ પ્રતિનિધિઓએ જી૨૦ બેઠકોમાં ભાગ લીધો છે. તેમાં જી૨૦ સભ્યો, ૯ આમંત્રિત દેશો અને ૧૪ આંતરરાષ્ટ્રીય સંસ્થાઓની ભાગીદારી સામેલ છે.

## એલર્ટ જાહેર

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પણ ઠંડી બાદ વસંતના બદલે ગરમી આવી ગઈ હતી. સોમવારે ભારતમાં સૌથી ગરમ સ્થળોમાં તેલંગાણામાં જયશંકર ભૂપલપલ્લી જિલ્લા સામેલ હતા. જેમાં મહત્તમ તાપમાન ૪૪.૬ ડિગ્રી, ઉત્તર પ્રદેશમાં સુલ્તાનપુરમાં ૪૩.૪ ડિગ્રી સેલ્સિયસ અને બિહારમાં સુપૌલમાં ૪૨.૪ ડિગ્રી સેલ્સિયસ નોંધાયુ. યુપીમાં પ્રયાગરાજ, ઝાંસી, કાનપુર અને આગ્રા, બિહારમાં પટના અને પૂર્વી ચંપારણ અને પંજાબના બઠિંડામાં તાપમાન ૪૦ ડિગ્રી સેલ્સિયસથી ઉપર નોંધાયુ.બંગાળ અને ઓડિશા તંત્રએ સોમવારે સ્કુલોને બંધ કરવાનો આદેશ આપ્યો અને ત્રિપુરા સરકારે બાળકોના જોખમને ઓછુ કરવા માટે શાળાનો સમય સવારનો કર્યો છે.

## અફરાતફરી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સ્થાનિક લોકોની ફરિયાદ છે કે, પોલીસ સૂચના મળ્યાના અડધા કલાકથી પણ વધુ સમય બાદ ઘટનાસ્થળે પહોંચી હતી. ઘટનાસ્થળે પહોંચ્યા બાદ પોલીસે ફાયર બ્રિગેડને જાણ કરી હતી. માહિતી મળતાં જ ફાયરની ૧૨ ગાડીઓ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. રિફાઈન્ડ ગોડાઉન અને ટ્રાન્સપોર્ટ ગોડાઉનમાં લાગેલી આગને કાબૂમાં લેવાના પ્રયાસો હાથ ધરાયા હતા.આ બાબતે ચોક પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ ગૌરીશંકર ગુપ્તાએ જણાવ્યું હતું કે, આગ લાગવાનું કારણ હજુ સ્પષ્ટ નથી થયું. તેમણે કહ્યું કે તેમની પ્રથમ પ્રાથમિકતા કોઈ પણ રીતે આગ પર કાબૂ મેળવવાની છે. એક પ્રશ્નના જવાબમાં તેમણે જણાવ્યું હતું કે, આગના કારણે કેટલું નુકસાન થયું છે તેનો હાલ અંદાજ લગાવી શકાય તેમ નથી. પ્રાપ્ત માહિતી પ્રમાણે આ રિફાઈન્ડ ગોડાઉન રાજુ કુમારનું હતું જે આગથી સંપૂર્ણ રીતે નાશ પામ્યું છે

## કાયદાનું રાજ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અને મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે ટેકસટાઈલ પાર્ક ખાતે એમઓયુ પર હસ્તાક્ષર કાર્યક્રમમાં ભાગ લીધો હતો. મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે કહ્યું કે, ૨૦૧૭ પહેલા ઉત્તર પ્રદેશમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ ખરાબ હતી અને રાજ્ય રમખાણો માટે કુખ્યાત હતું. પહેલા રાજ્યની અસ્મિતા પર સંકટ હતું પરંતુ આજે રાજ્ય માફિયાઓ માટે સંકટ બની રહ્યું છે.

હવે કોઈ વ્યાવસાયિક અપરાધી અને માફિયા કોઈપણ ઉદ્યોગસાહસિકોને ડરાવી નહીં શકશે. ઉત્તર પ્રદેશ તમને આજે શ્રેષ્ઠ કાયદો અને વ્યવસ્થાની ખાતરી આપે છે.

## નવા ૧૯ કેસ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગાંધીનગર શહેરમાં આજે નોંધાયેલા તમામ કેસ શહેરના વિવિધ સેક્ટરોમાં અને ઈન્ફોસીટી વિસ્તારમાં નોંધાયેલ છે. શહેરમાં આજે નોંધાયેલ કેસોમાં એક પણ દર્દી ટ્રાવેલ હિસ્ટ્રી ધરાવતો નથી. તંત્રએ આ દર્દીઓ કેવી રીતે સંક્રમિત થયા તેને લઈ તપાસ હાથ ધરી છે.

શહેરમાં આજે બે કેસ સે. ૨ માં નોંધાયા છે. આ બન્ને દર્દી મહિલા છે. એક ૭૩ વર્ષીય મહિલા અને ૪૩ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. ઈન્ફોસીટી વિસ્તારમાંથી ૬૬ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

સે. ૩ માંથી ૬૪ વર્ષીય પુરૂષ, સે. ૩૦માંથી ૫૩ વર્ષીય પુરૂષ, સે. ૬માંથી ૭૦ વર્ષીય પુરૂષ, સે. ૪ માંથી ૩૨ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

શહેરમાં આજે નોંધાયેલ કેસના તમામ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. મોટાભાગના દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ હોવાથી તંત્રએ આઈસોલેશનના નિયમોની અમલવારી અસરકારક રીતે થાય તે જોવા જણાવ્યુ છે. તંત્રએ સર્વેલન્સ સંવેદનશીલ વિસ્તારોમાં સઘન કરવા પણ જણાવ્યુ છે.

## ટાઉનહોલ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આખરે ચાર વર્ષના અંતરાલ બાદ ટાઉનહોલના રીનોવેશનનુ કામ પૂર્ણ થઈ ચુક્યુ છે. લગભગ ૧૭ કરોડના ખર્ચે કરવામાં આવેલા રીનોવેશન બાદ ટાઉનહોલના રૂપરંગ બદલાઈ ગયા છે. સ્ટેજ નવુ બનાવાયુ છે, આ ઉપરાંત લાઈટ અને સાઉન્ડ સિસ્ટમને એકદમ અદ્યતન બનાવાઈ છે. કલાકારો માટેના ગ્રીન રૂમ્સને નવી ડિઝાઈન્સ સાથે તૈયાર કરાયા છે. આ ઉપરાંત બેઠક વ્યવસ્થા પણ એકદમ નવી અને કમ્ફર્ટેબલ બનાવાઈ છે. ટાઉનહોલના પ્રવેશદ્વાર અને બહારના એલીવેશનને આધુનિક ડિઝાઈન સાથે તૈયાર કરાયા છે. ટાઉનહોલ હવે લગભગ તૈયાર થઈ ચૂક્યો છે અને આગામી બે મહિનામાં જ તેને જાહેર જનતા માટે ખુલ્લો મુકવામાં આવશે. ટાઉનહોલના રીનોવેશનના કારણે અટકી પડેલી શહેરની સાંસ્કૃતિક પ્રવૃત્તિઓને પુનઃ વેગ મળશે અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓથી ટાઉનહોલ ધમધમતુ બનશે.